**<u>કલે.પરચુ. અરજી નં.૬૪/૨૬ ના કામે અરજદાર તરફેની પેમેન્ટ અરજી આંક–૧ હેઠળ</u>**

**<u>હુકમ :–</u>**

(૧) અરજદારના વિ.વકીલશ્રીને સાંભળ્યા, અરજી વંચાણે લીધી, અકસ્માતના બનાવના આધારે કલેઈમ કેસ નં. ૧૭૨/૧૬ નો દાખલ કરેલ જે અકસ્માત વળતરના કલેઈમ કેસમાં નામદાર ટ્રીબ્યુનલ (ઓકઝી.), જૂનાગઢનાઓએ તા. ૨૬–૧૦–૨૦૧૬ ના રોજ હુકમ કરેલ છે તે સામે અરજદાર/વિમા કંપનીને અપીલ કરવાની હોય તા. ૨૧–૯–૧૯ ના રોજ રૂા. ૨૫,૦૦૦/– 'વિથ પ્રોટેસ્ટ' જમા કરાવેલ હોય અને નામદાર ગુજરાત હાઈકોર્ટે અરજદાર/વિમા કંપનીની તરફેણમાં હુકમ કરેલ હોય જેથી અરજદારે જમા કરાવેલી રકમ મળવા માટે હાલની અરજી કરેલ છે.

(૨) અરજદાર/ધી ન્યુ ઈન્ડીયા એસ્યોરન્સ કું.લી. તરફથી કલેઈમ કેસ નં. ૧૭૨/૧૬ ના કામે થયેલ હુકમ સામે અપીલ કરવાની હોય 'વિથ પ્રોટેસ્ટ' રકમ રૂા. ૨૫,૦૦૦/– જમા કરાવેલાનુ અને જે રકમ હાલ રૂા. ૨૭,૩૬૫/– જમા હોવાનું નાઝીરશ્રી, ડીસ્ટ્રીકટ કોર્ટ, જુનાગઢનો આંક–૧ લગતનો શેરો વંચાણે લેતા જણાય છે. આમ અરજીની હકીકતો તથા અરજી સાથે રજુ થયેલ અકસ્માત વળતર કલેઈમ કેસ નં. ૧૭૨/૧૬ ના કામે થયેલ હુકમ તથા તેની સામે નામદાર ગુજરાત હાઈકોર્ટમાં કરેલ અપીલનો હુકમ ધ્યાને લેતા તમામ હકીકતે અરજી અન્વયે નીચે મુજબ જમા રકમ ચુકવવાનો હુકમ કરવામાં આવે છે.

**<u>–:: હુકમ ::–</u>**

<table>
<tr><td>રૂા. ૨૭,૩૬૫/–</td><td>અરજદાર ધી ન્યુ ઈન્ડીયા એસ્યોરન્સ કુાં. લી. ને રૂા. ૨૭,૩૬૫/– ઓળખ અંગેની ખરાઈ કરી આ.ટી.જી.એસ.થી ચુકવવી.<br>
<table>
<tr><td>એકાઉન્ટ નં.</td><td>00690350000239</td></tr>
<tr><td>બેન્ક નામ</td><td>એચ.ડી.એફ.સી. બેંક</td></tr>
<tr><td>આઈ.એફ.એસ.સી. કોડ નં.</td><td>HDFC000069</td></tr>
</table></td></tr>
<tr><td>રૂા. ૨૭,૩૬૫/–</td><td>અંકે રૂપિયા સત્યાવીસ હજાર ત્રણસો પાંસાઈંઠ પુરા.</td></tr>
</table>

આ હુકમ અન્વયે હુકમના પાલન અંગે નાઝીરશ્રી, ડીસ્ટ્રીકટ કોર્ટ, જુનાગઢનાઓને જરુરી યાદી કરવી.

આ હુકમ આજ તા. ૧૩ મી, માહે–એપ્રીલ, સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

જૂનાગઢ.

તારીખ ૧૩–૦૪–૨૦૨૬

**(હિતેશ ગીરીશભાઈ દામોદ્રા)**
એમ.એ.સી.ટી. (ઓકઝી.)
જૂનાગઢ.
(જી.જે.૦૧૦૦૫)